<u>આંક–૧૬</u>

ભરૂચની મજુર અદાલત નં–૧ ના પ્રમુખ અધિકારી
શ્રી એન.એ.ઈજનેર સમક્ષ

રેફરન્સ (એલ.સી.બી.) નં.– ૨/૨૦૨૦

પ્રથમ પક્ષકાર :: મેનેજરશ્રી,
હ્યુબેક કલર પ્રા.લી.(યુનિટ–૧),
પ્લોટ નં. ૯૦૦૨,
જી.આઈ.ડી.સી. અંકલેશ્વર, જી.ભરૂચ

–:: અને ::–

બીજા પક્ષકાર : જગદીશ મકવાણા,
એ–૨/૨, નવજીવન કો.ઓ. સોસાયટી,
ગટ્ટુ સ્કુલ પાસે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર, જી.ભરૂચ

હાજર રહ્યાં : પ્રથમ પક્ષકાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી પિયુષ દણાંક
બીજા પક્ષકાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી ડી.એસ.જોગ

–: બીજા પક્ષકાર તરફેની આંક–૧૦ વાળી ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતેની અરજી હેઠળ હુકમ :–

(૧) સદર રેફરન્સ અત્રેની નામદાર અદાલત સમક્ષ આવતાં સદર કામના બન્ને પક્ષકારોને આંક–૨ થી નોટીસ કરવામાં આવેલ. જે નોટીસ પ્રથમ પક્ષકારને આંક–૫ થી તથા બીજા પક્ષકારને આંક–૬ થી બજી ગયેલ છે.

(૨) સદર કામના બીજા પક્ષકારે આંક–૩ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે આંક–૯ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે.

(૩) બીજા પક્ષકાર તરફે આંક–૪ થી જી.આઈ.ડી.સી. એમ્પ્લોઈઝ યુનિયન, અંકલેશ્વરનાં પ્રતિનિધિનું અધિકારપત્ર રજુ થયેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૭ તેમજ આંક–૮ થી ઓલ ગુજરાત વિવિધ એમ્પ્લોયર્સ એસોસીએશનનાં પ્રતિનિધિનું અધિકાર પત્ર રજુ થયેલ છે.

(૪) ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૧૦ થી પ્રાથમિક મુદ્ધાની અરજી રજુ કરી જણાવેલ છે કે, "સદરહુ રેફરન્સ કેસમાં સામાવાળાએ ઈન્કવાયરી કરી તપાસ અહેવાલના આધારે તા.૧૧/૧૦/૨૦૧૯ ના રોજ બરતરફીનો હુકમ કરેલ છે. સામાવાળાએ ખાતાકીય તપાસ એકતરફી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય ખાતાકીય તપાસના કાયદેસરતાનો મુદ્ધો સૌ પ્રથમ ન્યાય નિર્ણય કરવાની જરૂરીયાત છે જેથી ખાતાકીય તપાસની કાયદેસરતા મુદ્ધે હાલની અરજી કરવાની ફરજ પડેલ છે. તેમ જણાવી સામાવાળાએ કરેલ ખાતાકીય તપાસ કાયદેસર છે કે કેમ? તથા સામાવાળાએ કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ છે કે કેમ? તે મુદ્ધાઓ પ્રાથમિક મુદ્ધા તરીકે ફ્રેમ કરવા અરજ કરેલ છે." સદરહુ અરજી સાંભળવા ઉપર રાખવામાં આવેલ હતી.

(૫) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તર્ફે ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્ધે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>બીજા પક્ષકાર તરફે</u> :–

બીજા પક્ષકાર તર્ફે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકારે આંક–૧૧ થી ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્ધે એફીડેવીટ ઉપર સરતપાસ રજુ રાખેલ છે. જેના ઉપર પ્રથમ પક્ષકાર તર્ફેના પ્રતિનિધિશ્રી દ્ધારા 'આંક–૧૨ ના દસ્તાવેજો આંકે પડેલા હોઈ સદરહુ અંગે ઉલટ તપાસ કરવી નથી તેવું જાહેર કરીએ છીએ' તેમ જણાવેલ છે. આંક–૧૩ થી બીજા પક્ષકાર તર્ફે કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.

<u>પ્રથમ પક્ષકાર તરફે</u> :–

૧)	માર્ક–૧૨/૧	કામદારને આપેલ સસ્પેન્શન પેન્ડીંગ ઈન્કવાયરીનો હુકમ
૨)	માર્ક–૧૨/૨	કામદારને આપેલ કારણદર્શક નોટીસ કમ તહોમતનામું
૩)	માર્ક–૧૨/૩	કામદારે તહોમતનામાનો આપેલ લેખિત જવાબ
૪)	માર્ક–૧૨/૪	કામદારને આપેલ ખાતાકીય તપાસની જાણ કરતો પત્ર

૫)	માર્ક–૧૨/૫	ખાતાકીય તપાસ કાર્યવાહીના કાગળો
૬)	માર્ક–૧૨/૬	ખાતાકીય તપાસના તારણો
૭)	માર્ક–૧૨/૭	કામદારને આપેલ બીજી કારણદર્શક નોટીસ
૮)	માર્ક–૧૨/૮	કામદારનો મુદત માંગતો પત્ર
૯)	માર્ક–૧૨/૮/૧	કામદારનો બીજી કારણદર્શક નોટીસનો ખુલાસો
૧૦)	માર્ક–૧૨/૯	કામદારને આપેલ બરતરફીનો હુકમ
૧૧)	આંક–૧૪	ખાતાકીય તપાસનાં મુદ્દે સાક્ષી તપાસવા નથી તે અંગેનું પુરશીશ

આંક–૧૫ થી પ્રથમ પક્ષકાર તર્ફે તેમનાં સાક્ષીનું સોગંદનામું રજુ કરવા પરવાનગી માંગેલ. સદરહુ અરજી ઉપર તેમનાં વિદ્ધાન પ્રતિનિધિએ શેરો કરી જણાવેલ છે કે, 'સદરહુ અરજી અમો આગળ ચલાવવા માંગતા નથી' જેથી તે મુજબ સદરહુ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ બન્ને પક્ષકારોની ખાતાકીય તપાસનાં મુદ્દા અંગે મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. બન્ને પક્ષકારોની દલીલો પુરી થયા બાદ સદર કામ હુકમ ઉપર રાખવામાં આવેલ છે.

(૮) ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને અંતે અત્રેની અદાલતે હાલની અરજીના ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત નીચે મુજબના પ્રાથમિક મુદ્દા અંગે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું છે.

–:– <u>પ્રાથમિક મુદ્દા</u> –:–

(૧) પ્રથમ પક્ષકારે કરેલ ખાતાકીય તપાસ કાયદેસર છે કે કેમ ?

(૨) પ્રથમ પક્ષકારે કરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ છે કે કેમ?

(૩) શું હુકમ?

(૬) આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

-:- <u>નિર્ણય</u> -:-

(૧) હકારમાં.

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

-:- <u>કારણો</u> -:-

સદર કામના મુદ્દા નંબર-૧, ૨ અને ૩ એકબીજાને સંલગ્ન હોઈ જેથી ત્રણેય મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

(૮) હાલના કામે બીજા પક્ષકાર તરફે આંક-૧૦ થી પ્રાથમિક મુદ્દાની અરજી રજુ કરી સામાવાળાએ કરેલ ખાતાકીય તપાસ એકતરફી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય ખાતાકીય તપાસની કાયદેસરતાનો મુદ્દો સૌ પ્રથમ ન્યાય નિર્ણય કરવા અરજ કરેલ છે.

આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૩ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં તા.૦૯/૦૬/૧૯૯૭ ના રોજથી ફોરમેન તરીકે માસીક રૂા.૩૪,૫૦૦/- ના પગારથી સતત અને સળંગ નોકરીની ફરજો બજાવતા આવેલ છે. તેઓને સામાવાળાએ તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ ખોટી પાયા વગરની ઉપજાવી કાઢેલ હકીકતો આધારે કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ. જે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે. અરજદારને સામાવાળા સંસ્થાએ તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજનો પત્ર તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ આપી સસ્પેન્શન પેન્ડીંગ ઈન્કવાયરી હેઠળ રાખી ત્યારબાદ સામાવાળાએ તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપી તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજનો બનાવ બતાવેલ છે જે પ્રથમથી જ પ્રિમેચ્યોર, બદઈરાદાવાળો હોય તેમજ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ વિરૂધ્ધ છે. અરજદાર ખાતાકીય તપાસની પ્રોસીજર તેમજ કાયદાકીય રીતે અજ્ઞાન હોય, તપાસ

અધિકારી સમક્ષ તેમનાં બચાવ પ્રતિનિધિ તરીકે યુનિયનના પ્રતિનિધિ કે કાયદાના જાણકારને બચાવના પ્રતિનિધિ નિમવા પરવાનગી માંગેલ. સદરહુ યુનિયન તેમની સંસ્થામાં માન્યતા પ્રાપ્ત યુનિયન છે તેમ છતાં બહારથી પ્રતિનિધિ લાવવાની પરવાનગી નહીં આપી કુદરતી ન્યાયનાં સિધ્ધાંતનો ભંગ કરી બચાવના પ્રતિનિધિની પરવાનગી આપેલ નહીં. તપાસ અધિકારીએ એકતરફી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરેલ છે. ખાતાકીય તપાસની પ્રોસીજરની કોઈ જાણકારી આપેલ નથી, બચાવની વ્યાજબી તક આપવામાં આવેલ નહીં અને એકતરફી રીતે ખાતાકીય તપાસ કરેલ છે જે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે. ખાતાકીય તપાસ અધિકારી સાહેબ મેનેજમેન્ટની તરફેણમાં ખાતાકીય તપાસ કરતા હતા. અરજદાર જે રજુઆત કરતા હતા તે રજુઆતને તપાસ અહેવાલમાં નોંધ કરતા ન હતા. તપાસ અધિકારીએ એકતરફી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ જઈ કાર્યવાહી કરેલ છે.

અરજદાર વધુમાં જણાવે છે કે, તા.૧૨/૦૫/૧૮ ના રોજનો પત્ર અરજદારને તા.૧૪/૦૫/૧૮ ના રોજ સવારે ૯–૦૦ કલાકે બે ગાડી પોલીસ જેમાં આશરે ૩૦ પોલીસ, આશરે ૧૨ બાઉન્સરો અને સીકયુરીટી ગાર્ડ સ્ટાફ મળી આશરે ૨૦ જેટલાં તેમજ મેનેજમેન્ટના ૫ માણસોને સામાવાળા સંસ્થા દ્વારા બોલાવી તેઓની હાજરીમાં વિડીયો શુટીંગ કરાવી બધા કામદારોને અગાઉથી સૂચનાઓ આપી ગેટ ઉપર અરજદારને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શનનો લેટર આપેલ. સંસ્થા દ્વારા આવું ગેરકાયદેસરનું વર્તન કરી ભયનું વાતાવરણ ઉભું કરેલ. અરજદારને ગેટ બહારથી અપમાન કરી ગેટ બહાર કાઢી મુકી મજુર કાયદાની જોગવાઈઓ તેમજ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓનો સરેઆમ ભંગ કરી તા.૧૨/૦૫/૨૦૧૮ નો સસ્પેન્શન પેન્ડીંગ ઈન્કવાયરીનો પત્ર આપેલ જે ગેરકાનૂની અને અનફેર લેબર પ્રેકટીસ આચરનારૂં છે. અરજદારે તહોમતનામામાં જણાવેલ કોઈ ગેરવર્તણૂંક કરેલ નથી. અરજદાર વધુમાં જણાવે છે કે, ખરી હકીકત એ છે કે અરજદાર યુનિયનના કમિટી મેમ્બર હોય તેમજ સંજય જાદવના લીવ માટે સીની. મેનેજર એચ.આર. શ્રી હેતલકુમાર બકરે સાહેબને રજુઆત કરેલ એ હકીકત સાચી છે પરંતુ પ્રોડકશન પ્રોસેસ ઉપર ગંભીર અને વિપરીત અસર ઉપજાવેલ હતી તેમજ તે સિવાયની અન્ય હકીકતો જણાવેલ છે તે ખોટી

અને ગેરકાયદેસરની છે. સદરહુ કહેવાતા તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજના બનાવમાં પોલીસ સબ ઈન્સ્પેકટરની દરમ્યાનગીરીથી તા.૨૯/૦૩/૨૦૧૮ ના રોજ સુખદ નિરાકરણ સમાધાન થઈ ગયેલ અને કહેવાતા બનાવ બાબતે સામાવાળા સંસ્થા કે કામદારોના પક્ષે કોઈ ફરિયાદ, એફ.આઈ.આર. કરેલ નથી કે થયેલ નથી. પરંતુ ત્યારબાદ સામાવાળા સંસ્થા દ્વારા નોટીસ બોર્ડ ઉપર પરફોર્મન્સના આધારે નાણા ચૂકવવામાં આવશે તે માટે એપ્રાઈઝલ ફોર્મમાં તા.૨૧/૦૪/૨૦૧૮, તા.૨૭/૦૪/૨૦૧૮, તા.૦૧/૦૫/૨૦૧૮ સુધીમાં સહીઓ કરવા નોટીસ ચોંટાડેલ. સામાવાળા સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોએ એપ્રાઈઝલ ફોર્મમાં સહીઓ નહીં કરતા સામાવાળા સંસ્થા દ્વારા તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ સસ્પેન્શન પેન્ડીંગ ઈન્કવાયરીનો હુકમ કરી ખોટો હાઉ ઉભો કરી અરજદારને ફરજ મોકુફી કરેલ. અરજદારે એવો કોઈ કહેવાતો ગુનો કરેલ જ નથી. અરજદારને ફરજ મોકુફી કરવાનું કોઈ કાયદેસરનું કારણ ન હતું પરંતુ ફકત ટાર્ગેટ બનાવી ખોટી રીત–રસમ અપનાવી નોકરી સાથે ગંભીર ચેડાં કરવા તેમજ બીજા કામદારોને દબાણમાં લાવવા તેમજ યુનિયન પ્રવૃત્તિ નાબુદ કરવાના બદઈરાદાથી અગાઉના કહેવાતા બનાવ બતાવી તપાસની કાર્યવાહી હાથ ધરેલ હતી જે શરૂઆતથી જ બદઈરાદાવાળી હતી. સદરહુ કહેવાતા બનાવમાં આશરે ૭૦ થી ૮૦ કામદારો ભેગા કરેલ અને પ્રોડકશન પ્રોસેસ ઉપર ગંભીર અને વિપરીત અસર ઉપજાવેલ પરંતુ સંસ્થા દ્વારા અરજદાર તેમજ અન્ય કમિટી મેમ્બર ભાવિન પટેલને સસ્પેન્શન પેન્ડીંગ ઈન્કવાયરીના હુકમો કરી કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ. અરજદાર તેમજ ભાવિન પટેલની આશરે ૧૭ માસ ઉપરાંતની તપાસની કાર્યવાહી ચલાવી ત્યારબાદ ભાવિન પટેલને તપાસની કાર્યવાહી પૂર્ણ કરી બે દિવસ સસ્પેન્ડ કરી નોકરી ઉપર પુન: સ્થાપિત કરેલ છે. અરજદાર પણ ઈકવીટલ ઓફ લો મુજબ નોકરી ઉપર પુન:સ્થાપિત થવા હકકદાર હોવા છતાં સમાન કહેવાતા ગુનામાં અરજદારને સસ્પેન્ડ કરવાનો હુકમ કરેલ છે જે વધુ પડતો હોય જે રદબાતલ કરવા અરજ કરેલ છે. અરજદાર જી.આઈ.ડી.સી. એમ્પ્લોઈઝ યુનિયનના હ્યુબેક કલર પ્રા.લી.નાં ઓફીસ બેરરના મેમ્બર હોય તેમજ સક્રિય કામગીરી કરતાં હોવાથી ટાર્ગેટ કરી બદઈરાદાથી ઈન્કવાયરી હાથ ધરેલ છે જે ગેરકાયદેસર તેમજ અન્યાયી છે. સામાવાળા સંસ્થાએ જયબીર સિંહ રાવત, વી.પી. ગુપ્તા, ખુરશીદ વોરા વિગેરેના દસ્તાવેજો રજુ કરેલ છે પરંતુ સદરહુ વ્યકિતઓને તપાસમાં હાજર

રાખી પુરવાર કરેલ નથી. જયાં સુધી સાક્ષીઓની ઉલટ તપાસ કરવામાં ન આવે ત્યાં સુધી પુરાવો વિશ્વાસનીય ગણી શકાય નહીં. જેથી સદરહુ પુરાવાઓને ગ્રાહય રાખી શકાય તેમ ન હોવા છતાં તપાસ અધિકારીએ ગ્રાહય રાખેલ છે જે પુરાવાના કાયદાની વિરૂધ્ધ છે. સદરહુ કહેવાતા બનાવમાં સંજય જાદવની રજા મંજુર બાબતેની રજુઆત હતી તેઓએ સદરહુ તપાસમાં હાજર રહી અરજદારની તરફેણમાં નિવેદન આપેલ છે. સદરહુ નિવેદનનું સામાવાળાએ ખંડન કરેલ નથી. તેમ છતાં તેમના નિવેદનને તપાસ અધિકારીએ ખોટી રીતે ગ્રાહય રાખેલ નથી જે ગેરકાયદેસર છે. તપાસ અધિકારીએ તેમના તારણમાં એ હકીકતો કબુલ રાખેલ છે કે લીવ રજાઓ પાછળથી પણ મંજુર સંસ્થા દ્વારા કરવામાં આવતી હતી. તેમ છતાં તપાસ અધિકારીએ સદરહુ સ્વ–સ્વીકૃત હકીકતોનું ખોટું અર્થઘટન કરેલ છે.

અરજદાર વધુમાં જણાવે છે કે, અરજદાર તેમજ અન્ય કામદારોએ સંસ્થા વિરૂધ્ધ વિવિધ માંગણી અંગેની તા.૨૯/૦૭/૨૦૧૬ ના રોજ ચાર્ટર ઓફ ડિમાન્ડ રજુ કરેલ. ત્યારબાદ ડિમાન્ડમાં સમાધાન શકય ન બનતા નામદાર ઔદ્યોગિક અદાલત, વડોદરા સીટીંગ ભરૂચ સમક્ષ રેફ.ડી.(આઈ.ટી.) નં.૪૯/૨૦૧૭ થી રેફરન્સ કરેલ. જે ખાતાકીય તપાસની કાર્યવાહી સમયે પેન્ડીંગ હતો. ત્યારબાદ સદરહુ ડિમાન્ડમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે પરંતુ અરજદારને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરેલ ત્યારે સદરહુ ડિમાન્ડ પેન્ડીંગ હતી. સદરહુ કન્સીલેશન / લવાદી / કોર્ટ કાર્યવાહી દરમ્યાન જે સત્તાધિકારી સમક્ષ કાર્યવાહી નિકાલ બાકી હોય તેની સ્પષ્ટ લેખિત પરવાનગી લીધા સિવાય આઈ.ડી.એકટની કલમ ૩૩(૧)(એ) ની જોગવાઈઓનો ભંગ કરી સામાવાળા સંસ્થાએ તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શન કરી ત્યારબાદ તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ છે જે આઈ.ડી.એકટની જોગવાઈ વિરૂધ્ધ છે. અરજદારના કારણે સામાવાળા સંસ્થાના પ્રોડકશનમાં કોઈ નુકશાન થયેલ નથી કે તપાસની કાર્યવાહીમાં સાબિત થયેલ નથી. અરજદાર ઉપર જે તહોમતો સામાવાળા સંસ્થાએ મુકેલ હતા તે નિ:શંક પુરવાર થયેલ નથી. અરજદાર વિરૂધ્ધ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ ૨૯(એ)(સી)(ઈ)(એફ)(જી) (કયુ) (એસ) (ટી) (વી) (ઝેડ) અને (જીજી) મુજબની કોઈ ગેરવર્તણૂંક સામાવાળા સંસ્થાએ સાબિત કરેલ નથી. અરજદાર વિરૂધ્ધ કોઈ આધારભૂત નિવેદનો કે પુરાવાઓ ન હોવા છતાં

ખાતાકીય તપાસ અધિકારીએ પૂર્વગ્રહયુકત, ખોટા, પર્વર્સ ફાઈન્ડીંગ્સ લખેલ છે. ખાતાકીય તપાસ અધિકારી પોતાની મન મરજી મુજબ કંપનીના હિતમાં પ્રોસીડીંગ્સ લખી અરજદારને કોઈપણ જાતની સમજ આપ્યા સિવાય સહીઓ કરાવી તપાસ અધિકારીએ એકતરફી નિર્ણય કરેલ છે. સદરહુ તમામ તપાસની કાર્યવાહી એકસપાર્ટી ચલાવેલ છે. ખાતાકીય તપાસ એકતરફી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધ યોજવામાં આવેલ, ખાતાકીય તપાસ અધિકારીએ એકતરફી રીતે તારણો કાઢેલ છે તે ખોટા અને ગેરકાયદેસર છે જેથી ખાતાકીય તપાસ અધિકારીનો અહેવાલ રદ થવા પાત્ર છે. અરજદારને સામાવાળા સંસ્થાએ તા.૦૭/૦૯/૨૦૧૯ ના રોજ બીજી કારણદર્શક નોટીસ આપેલ. જેનો વિગતવાર ખુલાસો તા.૦૨/૧૦/૨૦૧૯ ના રોજ આપેલ તેમ છતાં તા.૧૧/૧૦/૨૦૧૯ ના રોજ નોકરીમાંથી બરતરફીનો હુકમ કરેલ છે જે ગેરકાયદેસર છે. અરજદારને કાયદેસરના હિસાબના નાણા મળેલ નથી તેમ જણાવી અરજદાર વિરૂધ્ધ સામાવાળા દ્ધારા કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધ જાહેર કરી ખાતાકીય તપાસ અધિકારીનો અહેવાલ ખોટો, ગેરકાયદેસરનો તેમજ પૂર્વગ્રહયુકત જાહેર કરવા તથા અરજદારને તા.૧૧/૧૦/૨૦૧૯ નાં રોજના પત્રથી નોકરીમાંથી બરતરફીનો હુકમ કરી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

(૯) સામાવાળા તર્ફે આંક–૯ થી માંગણાના નિવેદન વિરૂધ્ધ લેખિત જવાબ રજુ થયેલ છે. જેમાં સામાવાળાએ જણાવેલ છે કે, અરજદારનો રેફરન્સ તદ્દન ખોટો ગેરકાયદેસર અને ચાલવાપાત્ર નથી. અરજદારને તેમની ગેરવર્તણૂંક બાબતે તા.૧૯/૦૫/૨૦૧૮ નાં રોજ ચાર્જશીટ આપવામાં આવેલી અને અરજદારે સદર ચાર્જશીટનો તા.૨૮/૦૫/૨૦૧૮ નાં રોજ જવાબ આપેલો. અરજદારે રજુ કરેલ જવાબ સંતોષકારક ન જણાતા તેઓની સામે ખાતાકીય તપાસ યોજવાનું નકકી કરવામાં આવેલ. અરજદારને તા.૨૫/૦૬/૨૦૧૮ ના રોજ ખાતાકીય તપાસની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ અને અરજદારની હાજરીમાં ખાતાકીય તપાસ

તા.૦૬/૦૭/૨૦૧૮ નાં રોજ શરૂ કરી તા.૧૦/૦૫/૨૦૧૯ નાં રોજ પૂર્ણ કરવામાં આવેલ. ખાતાકીય તપાસમાં અરજદારે હાજર થઈ ભાગ લીધેલ છે અને તેમનો બચાવ કરેલ છે. ખાતાકીય તપાસમાં અરજદારને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર બચાવની તક આપવામાં આવેલ. અરજદારને તેમનાં પુરાવાઓ રજુ કરવાની અને બચાવ કરવાની તથા તેમનાં સાક્ષીઓ રજુ કરવાની તથા સંસ્થાના સાક્ષીની ઉલટ તપાસ કરવાની અરજદારને તક આપવામાં આવેલ. અરજદાર સામેની ખાતાકીય તપાસ પૂર્ણ થયા બાદ તપાસ અધિકારીએ તેમનાં રીપોર્ટ અને ફાઈન્ડીંગ્સ તા.૨૫/૦૮/૨૦૧૯ ના રોજ સામાવાળા સંસ્થાને રજુ કરેલ. જેમાં અરજદાર સામે મુકવામાં આવેલા આક્ષેપો પુરવાર થયેલ હોવાનું ઠરાવેલ છે. ખાતાકીય તપાસમાં અરજદાર સામે મુકવામાં આવેલા આક્ષેપો પુરવાર થયેલ હોય, ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ સામાવાળાએ અરજદારને બરતરફ કરતાં પહેલાં તેમનાં બચાવ માટે વધુ એક તક આપવાનાં હેતુથી તેઓને ખાતાકીય તપાસનાં તારણોની નકલ સાથે બીજી નોટીસ તા.૦૭/૦૯/૨૦૧૯ નાં રોજ ઈસ્યુ કરવામાં આવેલ. સામાવાળાની બીજી કારણદર્શક નોટીસનો અરજદારે તેઓનાં તા.૦૨/૧૦/૨૦૧૯ નાં પત્રથી જવાબ આપેલ. તેમની સામે મુકવામાં આવેલા આક્ષેપો સબંધે તેમનો જવાબ સંતોષકારક ન જણાતાં અરજદારને તા.૧૧/૧૦/૨૦૧૯ નાં પત્રથી નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, અરજદારની ગંભીર ગેરવર્તણૂંકો પુરવાર થતાં, સંસ્થામાં શિસ્તનું વાતાવરણ જાળવી રાખવા તેઓને છુટા કરવાની ફરજ પડેલ હોય, નામદાર અદાલત પણ ઔધોગિક વિવાદ ધારાની કલમ ૧૧-એ હેઠળ અરજદારને લાભ આપી શકે નહીં તેમ જણાવેલ છે.

સંસ્થાએ વધુમાં જણાવેલ કે, અરજદારનાં માંગણાના નિવેદનના પેરા- ૧ અને ૨ ની હકીકતો ખોટી છે અને કબુલ નથી. અરજદારે તે તમામ હકીકતો સાબિત કરવી જોઈએ. સંસ્થા અને અરજદારને લાગુ પડતાં સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબ અરજદારને ખાતાકીય તપાસ દરમ્યાન તેમના બચાવના પ્રતિનિધિ રાખવાનો અધિકાર ન હોય તેઓને યુનિયન પ્રતિનિધિને ખાતાકીય તપાસમાં હાજર રાખવા પરવાનગી આપેલ નહીં. તપાસ અધિકારીએ એકતરફી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરેલ હોવાની હકીકત તદ્દન ખોટી છે. અરજદારને તેમનાં બચાવની પુરેપુરી તક આપી કુદરતી ન્યાયનાં

સિધ્ધાંત અનુસાર ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે. ખાતાકીય તપાસ અધિકારીશ્રી વી.સી.પટેલ દ્ધારા ખાતાકીય તપાસની પ્રોસીજરની કાર્યવાહીની કોઈ માહિતી આપતા ન હતા તેવી હકીકત તદ્દન ખોટી છે. ખાતાકીય તપાસનાં કાગળો જોતાં અરજદારને તેમનાં બચાવની સંપૂર્ણ તક આપવામાં આવેલ છે અને અરજદારે તેનો ઉપયોગ કરી ખાતાકીય તપાસની કાર્યવાહીમાં ભાગ લીધેલ છે. અરજદારે જણાવેલ તા.૧૨/૦૫/૧૮ નો પત્ર અને તેના અનુસંધાનની હકીકતો તદ્દન ખોટી છે. ખાતાકીય તપાસ અધિકારીએ પ્રોફેશનલ ચાર્જ લઈ મેનેજમેન્ટની તરફેણમાં તપાસ કરવાની અને અરજદાર જે રજુઆત કરતા હતા તેની નોંધ તપાસ અહેવાલમાં કરતા ન હોવાની હકીકત ઉપજાવી કાઢેલ છે. આઈ.ડી.એકટની કલમ ૩૩(૧) ની જોગવાઈઓનો ભંગ કરી અરજદારને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરી કારણદર્શક નોટીસ કમ તહોમતનામું આપેલ હોવાની હકીકત તદ્દન ખોટી છે. અરજદાર વિરૂધ્ધ કોઈ પુરાવાઓ ન હોવા છતાં ખાતાકીય તપાસ અધિકારીએ પૂર્વગ્રહયુકત, ખોટા અને પર્વસ ફાઈન્ડીંગ્સ અને રીપોર્ટ તૈયાર કરી સંસ્થાની તરફેણમાં તારણો આપેલ છે તેવી હકીકત તદ્દન ખોટી છે. સંસ્થાના પ્ર તિનિધિની ઉલટ તપાસ કરવાની અરજદારને તક આપવામાં આવેલ નથી તેવી અરજદારની રજુઆત ખોટી છે. ખાતાકીય તપાસ અધિકારીએ કાયદાના પ્રબંધો ધ્યાને લઈ ખાતાકીય તપાસની કાર્યવાહી કરેલ છે. ખાતાકીય તપાસનાં રીપોર્ટ અને તારણો પડેલા પુરાવાઓ ધ્યાને લીધા સિવાય આપવામાં આવેલ હોવાની અરજદારની રજુઆત સાચી નથી. કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો ધ્યાને લઈ, રજુ થયેલ પુરાવાઓ આધારીત ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે. અરજદારની ગેરવર્તણૂંક પુરવાર થયેલ હોય, તેઓને છુટા કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહેતાં નાછુટકે અરજદારને છુટા કરવામાં આવેલ છે જે સંસ્થાનું પગલું યોગ્ય અને ન્યાયી છે. સંબંધિત કામદાર વિરૂધ્ધ કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર ખાતાકીય તપાસ કરવામાં આવેલ છે. સંસ્થા તેમજ અરજદાર દ્ધારા રજુ થયેલ પુરાવાઓ અને નિવેદનો ધ્યાનમાં લઈ, સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબ ખાતાકીય તપાસનાં તારણો તપાસ અધિકારી દ્ધારા આપવામાં આવેલા છે તેમ છતાં જો નામદાર કોર્ટ એવા તારણ ઉપર આવે કે, અરજદારની કરવામાં આવેલી ખાતાકીય તપાસની કાર્યવાહી ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની છે તેવા સંજોગોમાં અરજદાર સામે મુકવામાં આવેલા આક્ષેપો નામદાર

કોર્ટ સમક્ષ પુરવાર કરવાની તક આપવા અરજ છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર સામે મુકવામાં આવેલા આક્ષેપો પુરવાર થતાં, અરજદારને છુટા કરવાની જે શિક્ષા કરવામાં આવેલ છે તે યોગ્ય અને ન્યાયી હોય અરજદારનો રેફરન્સ રદ કરવા અરજ છે. તેમજ અરજદારને છુટા કર્યા બાદ તેઓ બેકાર રહયા હોવાની હકીકત કબુલ નથી અને અરજદારે સાબિત કરવી જોઈએ તેમ સામાવાળાએ તેમનાં જવાબમાં જણાવેલ છે.

(૧૦) અરજદારે આંક–૧૧ થી ખાતાકીય તપાસનાં મુદ્દે સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. જેમાં તેઓએ પોતાના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદારને દલીલો કરવાની કોઈ તક આપવામાં આવેલ નહીં કે બચાવ રજુ કરવાની કોઈ તક આપવામાં આવેલ નહીં. અરજદારની રજુઆતને તપાસ અધિકારીએ ધ્યાનમાં લીધેલ નથી અને તપાસ અધિકારીએ ખોટા ફાઈન્ડીંગ્સ આપેલ છે. સદરહુ તમામ તપાસની કાર્યવાહી એકસપાર્ટી ચલાવેલ છે. તપાસ અધિકારીએ એક ન્યાયાધીશ તરીકે બંને પક્ષકારોને સાંભળીને સ્પીકીંગ ઓર્ડર કરવાને બદલે એકસપાર્ટ ઓર્ડર કરેલ છે જે ગેરકાયદેસર છે. કહયાગરા તપાસ અધિકારીએ પર્વસ ફાઈન્ડીંગ્સ આપેલ છે. જેથી સમગ્ર ખાતાકીય તપાસ એકતરફી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય ખાતાકીય તપાસના કાયદેસરતાનો મુદ્દો સૌ પ્રથમ ન્યાય નિર્ણય કરવા અરજ કરેલ છે.

અરજદારની સોગંદ ઉપરની સરતપાસ અંગે ઉલટ તપાસ કરવા બાબતે સામાવાળાને તક આપતાં, સામાવાળા તર્ફે જણાવેલ કે, આંક–૧૨ ના દસ્તાવેજો આંકે પડેલા હોઈ સદરહુ અંગે ઉલટ તપાસ કરવી નથી તેવું જાહેર કરેલ. આ કામે બીજા પક્ષકાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. બીજા પક્ષકાર તર્ફેનાં પ્રતિનિધિએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, અરજદારને આપવામાં આવેલ તહોમતનામું મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ મુજબ નથી. ખાતાકીય તપાસમાં કામદારને તેમનાં બચાવ માટે કે રજુઆત માટે કોઈ જાણકારી આપવામાં આવેલ નથી. કામદાર સામે કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધની છે. અરજદાર તથા અન્ય કામદારો તર્ફે યુનિયન દ્વારા સામાવાળા વિરૂધ્ધ ડિમાન્ડ મુકેલ. સંસ્થાના માન્ય યુનિયનના હોદ્દેદારને રાખી શકાય નહીં તેવું

કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી. ખાતાકીય તપાસ પહેલાંથી જ ગેરકાયદેસર ઠરાવવી જોઈએ. અરજદાર સામેની ખાતાકીય તપાસ તા.૦૬/૦૭/૨૦૧૮ નાં રોજ શરૂ થયેલ અને તપાસ પુરી થયા બાદ તા.૦૭/૦૯/૨૦૧૯ ના રોજ બીજી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. આમ એક વર્ષ બે મહિના જેટલી ખાતાકીય તપાસ ચલાવવામાં આવેલ જે કુદરતી ન્યાયના હિતમાં નથી. અરજદાર કામદાર ખાતાકીય તપાસની દરેક તારીખોમાં હાજર રહેલ છે. અરજદારને માનસિક રીતે હેરાન કરવાના આશયથી ખાતાકીય તપાસ લંબાવવામાં આવેલ હોય, ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા દલીલમાં જણાવેલ કરેલ છે.

(૧૧) આ કામે રજુ થયેલ રેકર્ડ, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ, અરજદારની સરતપાસ તથા પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધેલ છે.

બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસના કાગળો આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. આંક–૧૨/૧ થી સસ્પેન્શન પેન્ડીંગ ઈન્કવાયરી હુકમ રજુ છે. આંક–૧૨/૨ થી કારણદર્શક નોટીસ કમ તહોમતનામાનો પત્ર રજુ છે. તહોમતનામાના પત્રમાં જણાવેલ છે કે, તમોએ આચરેલ કૃત્યો દ્વારા તમોએ તમારા નિમણૂંક પત્રની શરતોનો ભંગ કરેલ છે તેમજ કંપનીના સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની કલમ– ૨૯(એ), (સી), (ઈ), (એફ), (જી), (કયુ), (એસ), (ટી), (વી), (ઝેડ), (જેજે), (એનએન), (આરઆર) અને (એસએસ) મુજબના ગેરવર્તણૂંકના તહોમતો તમારી ઉપર મુકવામાં આવે છે. ઉપરોકત ગેરવર્તણૂંકના તહોમતો બાબતે બીજા પક્ષકારને તેમનો બચાવનો લેખિત ખુલાસો કરવા જણાવેલ. જેનો બીજા પક્ષકાર કામદારે તા.૨૮/૦૫/૨૦૧૮ ના રોજ લેખિત જવાબ રજુ કરેલ. જે લેખિત જવાબ યોગ્ય અને સંતોષકારક ન જણાતાં સંસ્થાએ ખાતાકીય તપાસની જાણ કરતો પત્ર લખી બીજા પક્ષકારની ખાતાકીય તપાસમાં, ખાતાકીય તપાસ અધિકારી તરીકે કંપનીએ બહારની વ્યકિત શ્રી વી.સી.પટેલની નિમણૂંક કરેલ અને કંપની તરફના રજુઆત અધિકારી / પ્રેઝન્ટીંગ ઓફિસર તરીકે શ્રી હેતલકુમાર બકરે હાજર રહેશે તેમ જણાવેલ હતું.

બીજા પક્ષકારને આપવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજ તેઓ ફરજ પર હાજર થયા બાદ બપોરના આશરે ૩–૦૦ વાગ્યાના

સુમારે તેઓ અને તેમના સાક્ષી કામદાર શ્રી ભાવિન પટેલ સાથે એકબીજાના મેળાપીપણામાં એકમત થઈને સમાન સમજુતી કરીને આશરે ૭૦ થી ૮૦ જેટલાં કામદારોને ભેગા કરી તેઓને મેનેજમેન્ટ વિરૂઘ્ઘ ઉશ્કેરણી કરીને તેઓને લઈને કંપનીમાં યુનિટ નં.૧ ના એડમીન બિલ્ડીંગમાં એચ.આર.ડીપાર્ટમેન્ટમાં લઈને આવ્યા હતા અને તેઓએ કંપનીનું રાબેતા મુજબ ચાલતું પ્રોડકશન પ્રોસેસ ઉપર ગંભીર અને વિપરીત અસર ઉપજાવી હતી. કામદારે કંપનીનાં કામદાર શ્રી સંજય જાદવની રજા મંજુર કરાવવા માટે કંપનીના સીનીયર મેનેજર એચ.આર. શ્રી હેતલકુમાર બકરે સામે ગેરવ્યાજબી અને ગેરકાયદેસરની માંગણી ઉપસ્થિત કરી કામદાર શ્રી સંજય જાદવની તાત્કાલીક લીવ મંજુર કરવામાં નહીં આવે તો એડમીન બિલ્ડીંગમાં સીટ ડાઉન સ્ટ્રાઈક પાડવાની ધમકી આપી હતી. શ્રી બકરેએ કામદારને સમજાવેલ કે, તમારી માંગણી બાબતે કંપની વિચાર કરશે અને યોગ્ય એસેસમેન્ટ કરી આ મુદ્દાનું નિરાકરણ કરવામાં આવશે. તે સમયે કંપનીના અન્ય અધિકારીઓ શ્રી ખુરશીદ વોરા, શ્રી હિતેશ મહેતા અને શ્રી સુધીર પાટીલે પણ દરમ્યાનગીરી કરી સમજાવવાની કોશિષ કરી હતી અને પોતપોતાના કામની જગ્યાએ અને વિભાગમાં જઈને કામ કરવાની સલાહ આપી હતી. કામદારે ઉપરોકત અધિકારીઓની કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર સલાહ સૂચનાની અવગણના કરી હાજર રહેલા કામદારોને કામ બંધ રાખીને સીટ ડાઉન સ્ટ્રાઈક કરવા ઉશ્કેરણી કરી હતી તેમજ તેઓએ ઉઘ્ધત અને અસભ્ય રીતે ઉંચા અવાજે કંપનીના ડાયરેકટરશ્રી ડી.કે.રાણા સાહેબની કેબીનમાં તેમની સામે બૂમાબૂમ કરી સૂત્રોચ્ચાર કર્યા કરાવ્યા હતા તેમજ મેનેજમેન્ટ ઉપર દબાણ કરવાના બદઈરાદાથી પ્રથમ પાળીનાં અને જનરલ શીફટના કામદારોને કામની જગ્યા છોડીને એડમીન. બીલ્ડીંગમાં બેસી રહેવાની ઉશ્કેરણી કરી હતી તેમજ બીજી પાળીના તમામ કામદારોને કામના સ્થળે ના જવા માટે અને સૌની સાથે એડમીન. બિલ્ડીંગમાં બેસી રહેવાની ઉશ્કેરણી કરી હતી. ત્યારબાદ કામદારને તથા તેમની સાથેનાં કામદારોને રાબેતા મુજબની કામગીરી ચાલુ કરવા વ્યાજબી સલાહ સૂચના આપી હતી તેમ છતાં કંપનીના પ્રોસેસની, મશીનરીની અને પ્લાન્ટ પ્રિમાઈસીસનાં કર્મચારીઓની જાનમાલની સલામતી તથા આસપાસના વિસ્તારોની જાહેર જાનમાલની સલામતી જોખમાય તેવી પરિસ્થિતિ તેઓએ ઉભી કરી હતી. કંપનીના અધિકારીઓ દ્વારા વારંવાર અપીલ કરવા છતાં પ્લાન્ટમાં કામદારોની

ગેરહાજરીથી પ્લાન્ટ અનઅટેન્ડેડ પરિસ્થિતિમાં મુકાયો હતો. વધુમાં જણાવેલ કે તમોએ અને તમારા સાથી ભાવિન પટેલે ગેરવ્યાજબી અને ગેરકાયદેસરની માંગણી જબરજસ્તીથી મંજૂર કરાવવાના એકમાત્ર ઈરાદાથી સીટ ડાઉન સ્ટ્રાઈક તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજ બપોરના આશરે ૩–૦૦ વાગ્યાથી શરૂ કરી બીજે દિવસે તા.૨૯/૦૩/૨૦૧૮ ના બપોર સુધી ચાલુ રાખી હતી અને કામદારોમાં ઉશ્કેરણી કરીને કંપનીમાં ભય અને ત્રાસનું વાતાવરણ ઉભું કર્યું હતું. તેના પરિણામે કંપનીની પ્રોસેસ પ્રોડકશનની પ્રવૃત્તિઓ ઉપરાંત તમામ ધંધાદારી પ્રવૃત્તિમાં રૂકાવટ અને ગંભીર – વિપરીત આડ અસર થઈ હતી. જેથી પ્લાન્ટની સેફટી અને સલામતીને ધ્યાનમાં લઈ તથા કંપનીમાં લો એન્ડ ઓર્ડરની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કંપની મેનેજમેન્ટને નાછૂટકે સ્થાનિક પોલીસની મદદ લેવાની ફરજ પડી હતી તેમજ ત્યારબાદ પોલીસની દરમ્યાનગીરીથી છેવટે તમો તમારા અન્ય સાથી કામદારોને લઈને પ્લાન્ટની / ફેકટરીની બહાર નીકળી ગયા હતા. વધુમાં તમો કંપનીમાં તા.૦૯/૦૬/૧૯૯૭ થી કામ કરો છો અને હાલમાં ફોરમેનના હોદ્ધા પર છો. તમોને તમારા નિમણૂંક પત્રમાં જણાવેલ તમામ શરતો / જોગવાઈઓ અને કંપનીની તમામ પોલીસી તથા કંપનીના સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓ લાગુ પડે છે. વધુમાં તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ તમારૂં લોકર ચેક કરતાં તેમાંથી ગુજરાત રાજય કામદાર સભા/ સેનાનું વિઝીટીંગ કાર્ડ, જીઆઈડીસી એમ્પ્લોઈઝ યુનિયનની મેમ્બરશીપના ફોર્મ્સ, કલર કોડ ડીસ્ક્રીપ્શન પેપર, પ્રોસેસ સ્પેસીફીકેશન વેસલ પેપર, પ્રોસેસ સ્પેસીફીકેશન ગોરેટર પંપ પેપર, કારણદર્શક નોટીસના જવાબોના અગાઉ તૈયાર કરેલા ફોર્મેટસ, કામદાર સમાજના બિલ્લા, એક કટર, કાળી પટ્ટી વિગેરે મળી આવેલ. જે દસ્તાવેજો બીન અધિકૃત રીતે મેળવી / બનાવી તમો કંપની સાથે ચોરી, દગો, કપટ અને અપ્રમાણિકતા આચરવાના બદઈરાદાથી તથા અનૈતિક રીતે આર્થિક લાભ મેળવવાના બદઈરાદાથી સંસ્થાની બહાર બીન અધિકૃત વ્યકિત / સંસ્થાને કંપનીના હરીફોને વેચવાનો / સંલગ્ન સેવાઓ પૂરી પાડવાનો તમારો બદઈરાદો હતો તેમ સ્પષ્ટ જણાઈ આવે છે તેમ જણાવી કંપનીના સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની કલમ–૨૯(એ), (સી), (ઈ), (એફ), (જી), (કયુ), (એસ), (ટી), (વી), (ઝેડ), (જેજે),

(એનએન), (આરઆર) અને (એસએસ) મુજબના ગેરવર્તણૂંકના તહોમતો કામદાર ઉપર મુકવામાં આવેલ છે.

આ કારણદર્શક નોટીસ કમ તહોમતનામાનો બીજા પક્ષકાર કામદારે તા.૨૮/૦૫/૨૦૧૮ નાં પત્રથી લેખિત જવાબ આપેલ. જે લેખિત જવાબ સંસ્થાને યોગ્ય અને સંતોષકારક ન જણાતા સંસ્થાએ બીજા પક્ષકાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ કરેલ હતી. ખાતાકીય તપાસનું પ્રોસીડીંગ્સ જોતાં, અરજદારે ખાતાકીય તપાસમાં હાજર થઈ ભાગ લીધેલ છે અને તેમનો બચાવ કરેલ છે. ખાતાકીય તપાસમાં અરજદારને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર બચાવની તક આપવામાં આવેલ છે. અરજદારને તેમનાં પુરાવાઓ રજુ કરવાની અને બચાવ કરવાની તથા તેમનાં સાક્ષીઓ રજુ કરવાની તથા સંસ્થાના સાક્ષીની ઉલટ તપાસ કરવાની અરજદારને તક આપવામાં આવેલ છે. ખાતાકીય તપાસમાં તા.૩૧/૦૭/૨૦૧૮ નાં રોજ કંપનીના સાક્ષી શ્રી હેતલ બકરેનું નિવેદન નોંધવામાં આવેલ. સદર સાક્ષીની અરજદાર કામદારે તે દિવસે અને ત્યારબાદ ઉલટ તપાસ કરેલ છે. સંસ્થાના અન્ય સાક્ષી શ્રી ભાવિન પંચાલનું નિવેદન તા.૦૬/૦૨/૨૦૧૯ નાં રોજ નોંધવામાં આવેલ. જેઓની ઉલટ તપાસ કામદારે તા.૧૩/૦૨/૨૦૧૯ નાં રોજ કરેલ છે. સંસ્થાના સાક્ષીઓ પુરા થયા બાદ કામદાર તરફેના સાહેદ શ્રી સંજય જાદવે તા.૨૦/૦૨/૨૦૧૯ નાં રોજ પોતાનું નિવેદન લેખિતમાં રજુ કરેલ. જેઓની સંસ્થાના પ્રેઝન્ટીંગ ઓફીસર દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ. કામદારે તેમનાં બચાવના સાક્ષી તરીકે શ્રી રમેશભાઈ હીરપરાને રજુ કરી તેમનું લેખિત નિવેદન રજુ કરેલ. જેઓની ઉલટ તપાસ સંસ્થાના પ્રેઝન્ટીંગ ઓફીસર દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ કામદારે તેમનું લેખિત નિવેદન તા.૧૯/૦૪/૨૦૧૯ નાં રોજ લેખિતમાં રજુ કરેલ છે. જેઓની ઉલટ તપાસ સંસ્થા તર્ફે પ્રેઝન્ટીંગ ઓફીસર દ્વારા કરવામાં આવેલ છે. બીજા પક્ષકારે ખાતાકીય તપાસમાં તેમની લેખિત દલીલ પણ તા.૧૦/૦૫/૨૦૧૯ નાં રોજ રજુ કરેલ છે. ત્યારબાદ ખાતાકીય તપાસ પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે.

સમગ્ર ખાતાકીય તપાસ દરમ્યાન અરજદાર કામદારને તેમનાં બચાવની તક આપવામાં આવેલ હોવાનું રજુ થયેલ રેકર્ડ અને પુરાવાઓ અને ધ્યાને લેતાં જણાય છે. અરજદાર

તર્ફેની રજુઆત કે, તેઓને તેમનાં બચાવ માટે સાક્ષી પુરાવાઓ રજુ કરવાની કોઈ તક આપેલ નથી કે રજુઆત માટે કોઈ જાણકારી આપવામાં આવેલ નથી કે સંસ્થાના પ્રતિનિધિની ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ નથી કે તેઓને દલીલો કરવાની કોઈ તક આપવામાં આવેલ નહીં કે બચાવ રજુ કરવાની કોઈ તક આપવામાં આવેલ નથી તેવી અરજદારની રજુઆતો સાચી નથી. આ બાબતે ખાતાકીય તપાસનાં દરેક તબકકે અરજદારે વાંધા સહિત સહી કરેલ હોવાનું જણાતું નથી. અરજદારની માંગણાના નિવેદનમાં રજુઆત છે કે, તેઓને કાયદેસરના હિસાબના નાણા મળેલ નથી. આ અંગે અરજદાર કામદારને સામાવાળા ધ્વારા આંક–૧૨/૯ નો તા.૧૧/૧૦/૨૦૧૯ નાં રોજનો બરતરફીનો આપેલ હુકમ ધ્યાને લેતાં, તેમાં જણાવેલ છે કે તેમનાં કાયદેસરના લ્હેણાની રકમ રૂા.૧,૧૫૪૭૪૯/– અરજદારના ખાતામાં એન.ઈ.એફ.ટી. ધ્વારા ચુકવી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે કોઈ વાંધો લીધેલ નથી. અરજદારને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ કમ તહોમતનામું ધ્યાને લેવામાં આવે તો, તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજ અરજદાર ફરજ પર હાજર થયા બાદ બપોરના આશરે ૩–૦૦ વાગ્યાના સુમારે તેમના સાક્ષી કામદાર શ્રી ભાવિન પટેલ સાથે એકબીજાના મેળાપીપણામાં એકમત થઈને સમાન સમજુતી કરીને આશરે ૭૦ થી ૮૦ જેટલાં કામદારોને ભેગા કરી મેનેજમેન્ટ વિરૂધ્ધ ઉશ્કેરણી કરી તેઓને લઈને કંપનીમાં યુનિટ નં.૧ ના એડમીન બિલ્ડીંગમાં એચ.આર.ડીપાર્ટમેન્ટમાં લઈને આવ્યા હતા અને કંપનીનું રાબેતા મુજબ ચાલતું પ્રોડકશન પ્રોસેસ ઉપર ગંભીર અને વિપરીત અસર ઉપજાવી હતી અને કામદાર શ્રી સંજય જાદવની તાત્કાલીક લીવ મંજુર કરવામાં નહીં આવે તો એડમીન બિલ્ડીંગમાં સીટ ડાઉન સ્ટ્રાઈક પાડવાની ધમકી આપી હતી. અને હાજર રહેલા કામદારોને કામ બંધ રાખીને સીટ ડાઉન સ્ટ્રાઈક કરવા ઉશ્કેરણી કરી હતી. તેઓએ ઉધ્ધત અને અસભ્ય રીતે ઉંચા અવાજે કંપનીના ડાયરેકટરશ્રી ડી.કે. રાણા સાહેબની કેબીનમાં તેમની સામે બૂમાબૂમ કરી સૂત્રોચ્ચાર કર્યા કરાવ્યા હતા. બીજી પાળીના તમામ કામદારોને કામના સ્થળે ના જવા માટે અને સૌની સાથે એડમીન. બિલ્ડીંગમાં બેસી રહેવાની ઉશ્કેરણી કરી હતી. કંપનીના અધિકારીઓ દ્વારા વારંવાર અપીલ કરવા છતાં પ્લાન્ટમાં કામદારોની ગેરહાજરીથી પ્લાન્ટ અનઅટેન્ડેડ પરિસ્થિતિમાં મુકાયો હતો. તમોએ અને તેમના સાથી ભાવિન પટેલે ગેરવ્યાજબી

અને ગેરકાયદેસરની માંગણી જબરજસ્તીથી મંજૂર કરાવવાના એકમાત્ર ઈરાદાથી સીટ ડાઉન સ્ટ્રાઈક તા.૨૮/૦૩/૨૦૧૮ ના રોજ બપોરના આશરે ૩–૦૦ વાગ્યાથી શરૂ કરી બીજે દિવસે તા.૨૯/૦૩/૨૦૧૮ ના બપોર સુધી ચાલુ રાખી હતી અને કામદારોમાં ઉશ્કેરણી કરીને કંપનીમાં ભય અને ત્રાસનું વાતાવરણ ઉભું કર્યું હતું. તેના પરિણામે કંપનીની પ્રોસેસ પ્રોડકશનની પ્રવૃત્તિઓ ઉપરાંત તમામ ધંધાદારી પ્રવૃત્તિમાં રૂકાવટ અને ગંભીર – વિપરીત આડ અસર થઈ હતી. જેથી કંપની મેનેજમેન્ટને નાછૂટકે સ્થાનિક પોલીસની મદદ લેવાની ફરજ પડી હતી તેમજ પોલીસની દરમ્યાનગીરીથી છેવટે અરજદાર તથા અન્ય સાથી કામદારો પ્લાન્ટની / ફેકટરીની બહાર નીકળી ગયા હતા. અરજદાર કામદારની ગેરવર્તણૂંકો સબબ તેમને તહોમતનામું આપી ખાતાકીય તપાસ કરવામાં આવેલ હતી. આ ખાતાકીય તપાસમાં અરજદાર સામેના આક્ષેપો સાબિત થયેલ હોય, અરજદારને તેમનાં બચાવ માટે ખાતાકીય તપાસનાં તારણોની નકલ સાથે તા.૦૭/૦૯/૨૦૧૯ નાં રોજ નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જેનો અરજદારે તા.૦૨/૧૦/૨૦૧૯ નાં પત્રથી જવાબ આપેલ. અરજદારનો સદર જવાબ સંતોષકારક ન જણાતાં અરજદારને તા.૧૧/૧૦/૨૦૧૯ નાં પત્રથી નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

આમ, સમગ્ર કેસની હકીકત તથા રજુ રેકર્ડ તથા લેખિત અને મૌખિક પુરાવાઓ, સોગંદનામા તથા ઉલટ તપાસ અને બન્ને પક્ષકારો તર્ફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં એ હકીકત પુરવાર થાય છે કે, ખાતાકીય તપાસમાં બીજા પક્ષકારને તેમની રજુઆત કરવા પુરતી તક આપવામાં આવેલ છે. અરજદાર સામે મુકવામાં આવેલા આક્ષેપોની ગંભીરતા ધ્યાને લઈ સામાવાળાએ તેઓ સામે મુકેલ આક્ષેપો ખાતાકીય તપાસમાં પુરવાર થયેલ હોય, તેઓને છુટા કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહેતાં નાછુટકે અરજદારને છુટા કરવાનું સામાવાળા સંસ્થાનું પગલું યોગ્ય અને ન્યાયી છે તેમ ઠરાવવામાં આવે છે. જેથી પ્રથમ પક્ષકારની બીજા પક્ષકાર સામે કરવામાં આવેલી ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસારની ઠરાવી અત્રે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નંબર–૧** અને **મુદ્દા**

નંબર–૨ નો જવાબ **હકારમાં** આપી **મુદ્દા નંબર–૩** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:– <u>હુકમ</u> –:–

(૧) બીજા પક્ષકાર સામે કરવામાં આવેલી ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસારની ઠરાવવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૧૯/૦૪/૨૦૨૪
સ્થળ: ભરૂચ

(નિલેશ અશોકભાઈ ઈજનેર)
જીજે૦૦૪૮૪
પ્રમુખ અધિકારી
મજુર અદાલત નં.૧, ભરૂચ

પટેલ, સ્ટેનોગ્રાફર